# વિલાયત નામું



લેખક

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ

# વિલાયત નામું

-: લેખક :-

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ

-: અનુવાદક :-

અકબર હબીબ રાજન

-: પ્રકાશક :-

ખાનાએ હિકમત-ઈદારાએ આરીફ

૩-A નૂર વીલા,

૨૬૯, ગાર્ડન વેસ્ટ, કરાચી-૩

ISW
LS
Institute for Spiritual Wisdom Luminous Science
Knowledge for a united humanity

# આરંભ

## બિસ્મીલ્લા હિર્રરહમા નિર્રરહીમ

આ હકીકત સમજદાર લોકોથી છૂપાયેલી નથી કે આપણા મઝહબના જે મહાન અને ઊચ્ચપાયાના બુઝુર્ગોએ દીની જ્ઞાનના મગઝ ભરપૂર અને કિમતી પુસ્તકો લખ્યા હતા, તેના વધારે પડતા ભાગો ઝમાનાના અકસ્માતો તથા ક્રાંતિઓના પરિણામે નાશ પામી ચૂકયા છે, અમુક પુસ્તકો અપ્રાપ્ય છે અને જે પુસ્તકો કયાંયથી પ્રાપ્ત થઈ શકે છે તો તે અરબી અથવા ફારસી ભાષામાં હોવાને લીધે અથવા તો તેના મુશ્કેલ શબ્દો તથા તેની સંજ્ઞાઓના કારણે વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓની સમજમાં આવવાથી ઉપરવટ છે, માટે એ કાર્યની સખત જરૂરત છે કે હાલના સમયની માંગ પ્રમાણે ઉર્દુ ભાષામાં જરૂરી વિષયો તથા જરૂરી પુસ્તકો પ્રાપ્ત કરવાનો એક ઠોસ કાર્યક્રમ બનાવવામાં આવે અને તે ઉપર બાકાયદગીથી અમલ થાય.

ચોક્કસપણે તમોને ખબર હશેજ કે મારા અને આપણી સંસ્થાના તરફથી એજ પ્રયત્નો ચાલુ રહ્યા છે કે મઝહબી સાહિત્યની એક ભારી સંખ્યા ઉર્દુમાં હોય અને એજ ઈલ્મી કાર્યક્રમના વિષયમાં મને આજ્ઞા મળી છે કે કંઈક જરૂરી વિષયો ઉપર પોતાની મર્યાદિત જાણકારી મુજબ કલમી મહેનત કરતો રહું. અને આ લેખ તે આજ્ઞાની પૂર્ણતા માટેનો એક પ્રયત્ન છે.

મજકૂર લેખમાં "વિલાયત" દોસ્તીને ચર્ચાનો વિષય બનાવવામાં આવ્યો છે. કદાચ કોઈ પૂછે કે કેમ અને શા માટે ? એ માટે કે વિલાયત ઈસ્લામના સાત સ્થંભોમાં સર્વપ્રથમ અને

Institute for Spiritual Wisdom and Luminous Science

મહત્વના સ્થંભનો દરજજો ધરાવે છે અને એજ વલીની વિલાયતના સ્થંભ થકી અન્ય સઘળા સ્થંભોની હકીકત તથા મારફત પ્રાપ્ત થઈ શકે છે. તે વિલાયત જ છે. જેમાં ખુદા, રસુલ (સ.અ.સ.) અને બરહક ઈમામ અ.સ.ની તાબેદારી તથા મહોબ્બતનો ઉલ્લેખ આવે છે અને વિલાયત જ છે જેના પ્રકાશમાં વલીએ અમ્રની સાબિતિ રજૂ કરી શકાય છે કે સાહેબે અમ્ર અ.સ. દુનિયામાં હાઝર અને નાઝર છે. હૈયાત છે. આ પુસ્તિકાના સાત નાના નાના પ્રકરણો બનાવવામાં આવ્યા છે, જેમાં પ્રથમ પ્રકરણમાં અલ્લાહ તઆલાની દોસ્તીનો ઉલ્લેખ છે, બીજા પ્રકરણમાં ખુદાની દોસ્તીનો વસીલો બતાવવામાં આવ્યો છે, ત્રીજા પ્રકરણમાં રસુલે ખુદા (સ.અ.સ.)ની દોસ્તીનું વર્ણન છે, ચોથા પ્રકરણમાં ઈમામે આલી મુકામ (અ.સ.)ની દોસ્તીના વિષે ચર્ચા કરવામાં આવી છે, પાંચમા પ્રકરણમાં મોમીનોથી દોસ્તી રાખવાની દલીલો રજૂ કરવામાં આવી છે, છઠ્ઠું પ્રકરણ નેક આમાલની દોસ્તી અને મહોબ્બતના સંબંધે છે અને સાતમું પ્રકરણ મતલબના ખુલાસાઓના વિષયથી છે.

વિલાયતના આ વિષયનો પૂરો મતલબ કોઈ વાંચનારની સમજમાં તે વેળાએ આવી શકે છે, જ્યારે કે તે આ પુસ્તિકાને આરંભથી લઈને અંત સુધી ધ્યાનપૂર્વક વાંચી જાય. જો કે આમાં કયાંય કોઈ મુંઝવણ નથી અને ન તો તેના નીચલા અર્થો અધૂરા છે. બલ્કે આ તો સાફ સાફ હકીકતો છે. વાત ફકત એટલી જ છે કે ઘણાય હેતૂઓને પામવા પછી કયાંક ઊચ્ચહેતૂ પ્રાપ્ત થઈ શકે છે.

જો કે ખુદા અને રસુલ (સ.અ.સ.) તથા વખતના ઈમામ (અ.સ.)ની વિલાયત હકીકતમાં એક જ છે, જે રીતે આ

પવીત્ર-ઊચ્ચ હસ્તીઓની હીદાયત અને તાબેદારી અસલમાં એક જ છે, પણ અમોએ આ વિષયમાં સરળતાથી મતલબ સમજાવવા ખાલી વિલાયતનો દરજજાવાર ઉલ્લેખ કર્યો છે અને સાથે સાથે જ ઠેકઠેકાણે એમાં એવા ઈશારાઓ પણ કરેલા છે. જેનાથી સારી રીતે એ સ્પષ્ટ થઈ જાય છે કે વિલાયત કેટલાંય દરજજાઓ ઉપર રહેવા છતાં અસલમાં એક જ હકીકતની હેસીયતે છે.

આ વિષયની એકંદર હકીકતો અને મારફતો કુરાનની આયતો તથા નબી સાહેબ (સ.અ.સ.)ની હદીસોનાં પ્રકાશમાં લખવામાં આવી છે, જેના થકી તેને ધ્યાનથી વાંચનારને ન ફકત એટલું જ કે આ વિષયના રહસ્યો બાબતે વિશ્વાસ પ્રાપ્ત થઈ શકે છે. બલ્કે આનાથી એ વાત પણ ખાત્રીપૂર્વક જણાય છે કે આના થકી કુરાન અને હદીસ તથા દીની બુઝુર્ગોના પુસ્તકોને સમજવામાં મદદ મળી જાય કેમકે અત્રે જે કંઈ પણ લખાણું છે તે દીની ઈલ્મના સિદ્ધાંતોમાંથી છે.

તમોને મારી સાફ દીલની સલાહ એ છે કે જો તમો ઈલ્મની પ્રાપ્તીના માટે ઈલાહી મદદ તથા ખરાં રહસ્યોનો કરીશ્મો તથા મોઅજીઝો જોવા ઈચ્છો છો, તો પ્રત્યેક મગઝ ભરપૂર દીની પુસ્તક તથા લેખને એકવાર જ વાંચો નહીં પણ વારંવાર તેનો અભ્યાસ કરો કે જેથી તે સઘળાં અર્થો કે જે જુદાજુદા હતા, એક ઠેકાણે ભેગા થઈને એકબીજાના અલગ અલગ પાસાઓ ઉપર પ્રકાશ નાખે અને તમારા દીલમાં તે સઘળાઓના પ્રકાશ થકી હિકમતનું નૂર મુનવ્વર થાય, અને આ કાર્યનું અસલ કારણ તે ઈલાહી મદદ છે કે જે હકીકતની શોધની આ અમલી ઈબાદતના પરિણામે કોઈ ખુશનસીબ મોમનને પ્રાપ્ત થાય છે, બહરહાલ

દીની ઈલ્મની વાતોમાં વારંવાર ધ્યાનપૂર્વક ફિકર કરવાની સખત જરૂરત છે.

અસલમાં વિલાયત એ ખિલાફત તથા ઈલાહી પ્રતિનિધિત્વનું બીજું નામ છે, જેના વિષે હઝરત આદમ (અ.સ.)ના સમયમાં આરંભ થયો હતો અને આ ક્રમ માનવંત અંબીયાઓના પછી પવિત્ર ઈમામોના વસીલાથી વંશ પરંપરાગત કયામત સુધી ચાલુ રહેશે. આનો અર્થ એ થયો કે ઈમામે ઝમાન (અ.સ.) કે જેઓ પોતાના સમયમાં ખુદાના તરફથી ધરતી ઉપરના ખલીફા છે, વલીએ અમ્ર (હુકમના ધણી) પણ છે અને તેમની વિલાયત સઘળા મોમીનો ઉપર વાજબ છે, કે જેથી ખુદા તઆલા તથા છેલ્લાં પયગમ્બર (સ.અ.સ.)ની મુબારક અને પવીત્ર ખીલાફતની નૂરાની હિદાયત તથા માર્ગદર્શનના પ્રકાશમાં દીની તથા દુન્યવી પ્રગતીની મંઝીલો પાર થઈ શકે.

**ફકત આપનો ઈલ્મી સેવક**
**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**
**શનીવારનો મુબારક દિવસ,**
**૨૬ મોહર્રમ ૧૩૯૫/૮ ફેબ્રુઆરી ૧૯૭૫.**

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

## બિસ્મીલ્લા હિર્રરહમા નિર્રરહીમ

## પ્રકરણ પહેલું

# ખુદાની દોસ્તી

ઈમાનવાળાઓ માટે એ જાણવું જરૂરી છે કે કુરાને પાક પોતાના હિકમત સભર ઈશારાઓ સિવાય તેના સરળ અને સ્પષ્ટ લખાણમાં પણ અલ્લાહ તઆલાની વિલાયત અને દોસ્તીને મુસલમાનો તથા મોમીનો માટેની મહત્વપૂર્ણ તથા સર્વપ્રથમ ફરજ ગણાવે છે, અને દીન તથા દુનિયાની સઘળી મુશ્કેલીઓ તથા તકલીફોમાં એજ પવીત્ર અલ્લાહની મદદ તથા સહાય અને મિત્રતા તથા દસ્તગીરી માગવા માટે તાકીદ ફરમાવે છે. ફકત એટલું જ નહીં પણ તેની સાથે સાથે એ સઘળી રીતો પણ સમજાવી દયે છે, જે રબ્બુલ ઈઝઝતની દોસ્તી પ્રાપ્ત કરવા અને તેનાથી સહાય તથા મદદ માગવા માટે નક્કી કરેલી છે, માટે આપણે અત્રે સૌથી પહેલે કુરાને હકીમના પ્રકાશમાં વિલાયત શબ્દને ચર્ચા હેઠળ લાવીએ છીએ. જેમકે અલ્લાહ તઆલાનું મુબારક ફરમાન છે :-

"આવા પ્રસંગે અલ્લાહ બરહક્કની જ હિમાયત (મદદ) હશે. તેનો જ સવાબ સૌથી ઉત્તમ અને તેનું જ પરિણામ સૌથી સારૂં છે." (૧૮/૪૪) વિલાયતનો અર્થ છે કોઈ કાર્યનો વહીવટકર્તા હોવું. એટલે કે મદદ, વળી એનો અર્થ છે દોસ્તી, મદદ, હકુમત અને કાર્યને પૂરૂં કરવું (વહીવટકર્તા હોવું) અને આ સઘળાં અર્થો એકબીજામાં મળેલાં છે અર્થાત આ સઘળાનો છેવટનો મતલબ એક જ છે. કુરાનની આ આયાતથી ન ફકત

ખુદાએ બરહકની વિલાયત અને દોસ્તી ફરજ હોવાની સાબિતી મળે છે પરંતુ જો ગંભીરપણે વિચારો તો એ વિલાયતના વિશાળ અર્થ માટે પણ દલીલ કરે છે. અલ્લાહ તઆલાના મુબારક અને પવીત્ર નામોમાંથી એક પાક નામ "અલ વલી" છે જે વિલાયતનો ગૂણ ધરાવે છે, જેનો ઉપર ઉલ્લેખ થયો છે. તો કુરાને મજીદમાં જ્યાં જ્યાં શબ્દ "વલી" આવ્યો છે ત્યાં લગભગ એ ફરમાવવામાં આવ્યું છે કે ખુદા તઆલાના સિવાય લોકોનો કોઈ વલી નથી, જેમ કે ફરમાવેલું છે કે "વમા લકુમ મિન દૂનીલ્લાહ મિંવ્વલી વ લા નસીર" ૨/૧૦૭ અર્થ : અને અલ્લાહ સિવાય તમારો ન કોઈ મુરબ્બી છે (વલી છે) અને ન કોઈ મદદગાર. વળી ફરમાવેલું છે. "અને અલ્લાહને જ મજબૂત પણે વળગી રહો, એજ તમારો મિત્ર છે, તો તે કેવો ઉત્તમ મિત્ર છે અને કેવો ઉત્તમ મદદગાર છે." ૨૨/૭૮. શબ્દ વલી અને મૌલા એક જ અર્થના છે અને એક જ મૂળથી છે.

અલ્લાહ તઆલાની દોસ્તી અને મહોબ્બત કેવા લોકોને પ્રાપ્ત થઈ શકે છે, અને તેમના શું ગૂણો હોય છે, અને જે લોકો ખુદાની દોસ્તીને લાયક નથી થઈ શકતા તેના શું શું કારણો છે. આનું વિસ્તારથી વર્ણન પવીત્ર કુરાનમાં મૌજૂદ છે, અને નીચે મુજબ આ સંબંધેની અમુક ઉપમાઓ રજૂ કરવામાં આવે છે.

પરવરદીગારે આલમની મુબારક મહોબ્બતની મૂળ શરત, હઝરત મુહમ્મદ મુસ્તફા રસૂલે ખુદા સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમની પૈરવી એટલે કે અનુકરણ કરવું (ફરમાન બરદારી કરવી) અને તાબેદારી છે.

અલ્લાહ તઆલા નેકી અને ઉપકાર કરનારાઓને દોસ્ત રાખે છે. બેશક ખુદા, તૌબા કરનારાઓ અને પાકીઝગી

અપનાવનારાઓથી મહોબ્બત કરે છે. અલ્લાહ પરહેઝગાર લોકોને દોસ્ત બનાવે છે. ખુદા ધીરજ અને સબર રાખનારાઓથી દોસ્તી કરે છે. તે અદલ અને ઈન્સાફ કરનારાઓને પસંદ ફરમાવે છે. ખુદાવંદ તે લોકોથી દોસ્તી રાખે છે, જેઓ ખુદાના માર્ગમાં જેહાદ (ધર્મ યુદ્ધ) કરવાવાળા અને મોમીનોની સાથે નરમદીલી ભરી વર્તણુંક કરનારા છે. ખુદા નેક કાર્યો કરનારાથી દોસ્તી રાખે છે. અલ્લાહ મોમીનોનો મિત્ર છે. તે તેમને અંધકારથી કાઢીને પ્રકાશની તરફ લઈ આવે છે વિગેરે...

વળી ખુદાનું ફરમાન છે કે અલ્લાહ તઆલા હદ (મર્યાદા)થી બહાર જનારાઓને દોસ્ત નથી રાખતો. ખુદા ફિસાદને નથી ચાહતો, તે જુલ્મ કરનારા તથા કાફરોને દોસ્ત નથી બનાવતો. અલ્લાહ કોઈ અભિમાન કરનાર અને ખુદપસંદને પસંદ નથી કરતો બેશક અલ્લાહ તઆલા એવા શખ્સને નથી ચાહતો કે જે દગાબાજી કરનાર (વિશ્વાસઘાત કરનાર) ગુનેહગાર છે. ખુદા નકામા ખર્ચ કરનારને દોસ્ત નથી રાખતો વિગેરે.

રબ્બુલ ઈઝઝતના જેટલાં ગૂણવાચક નામો દોસ્તી અને મહોબ્બતના અર્થ ધરાવે છે. તેમાંથી એક પ્રસિદ્ધ નામ "વદુદ" પણ છે. જેમ કે કુરાનમાં ફરમાવેલું છે કે "અને આપણા પરવરદીગારથી પોતાની મગફીરત (માફી)ની દુઆ માગો, પછી તેની જ બારગાહમાં તૌબા કરો, બેશક મારો પરવરદીગાર ઘણો મહેરબાન અને મહોબ્બતવાળો છે ૧૧/૯૦.

આ વિષયમાં પવીત્ર કુરાનનું એક અન્ય ફરમાન આ છે કે "અને એવા શખ્સથી વધુ સારો કોનો દીન હશે કે જે પોતાનો ચહેરો અલ્લાહ તઆલાની તરફ નમાવી દયે. (પોતાને અલ્લાહના હવાલે કરી દયે) અને નેક કામ કરનાર પણ હોય અને

નિખાલસપણે ઈબ્રાહીમ અ.સ.ના ચુસ્ત ધર્મનો અનુયાયી પણ હોય. અને જેમનું કોઈ નામ ન હોય.અલ્લાહે હ. ઈબ્રાહીમને પોતાનો પાક મિત્ર (દોસ્ત) બનાવી લીધો હતો." ૪/૧૨૫.

આ મુબારક આયતમાં ઈસ્લામ દીનની તરફથી જગતના દીનો (ધર્મો)ને એક અકલી અને તાર્કિક ચેલેન્જ કરતાં ઈસ્લામ (જે અસલમાં ઈબ્રાહીમનો દીન છે) ના મૂળ ગૂણોનું વર્ણન કરવામાં આવ્યું છે, અને ફરમાવવામાં આવ્યું છે કે જે શખ્સમાં આ ચાર ગૂણો હોય તેના કરતાં સારો દીન ઉપર વિશ્વાસ રાખનાર શખ્સ કોઈ નથી હોઈ શકતો અને તે ચાર ગૂણો આ છે : ઈસ્લામ અને તસ્લીમ (ખુદાને હવાલે થઈ જવું), નેકી અને સારાં કાર્યો, તૌહીદની માન્યતા (એટલે ખુદા એક છે)માં હઝરત ઈબ્રાહીમની પૈરવી તથા ખુદાની દોસ્તી. આ ચાર વસ્તુઓ છે જે ઈસ્લામ અને ઈમાનની સમગ્ર કેળવણી અને સઘળાં ગૂણો ઉપર છવાયેલી છે અને આ ચારેયમાંથી ઊચ્ચ હેતૂ અને ઊચ્ચ દરજજો ખુદાની દોસ્તી જ છે.

જાણવું જોઈએ કે ઈસ્લામની અત્રે ઉલ્લેખાયેલી ચાર ખૂબીઓ ન ફકત તેના ક્રમની સુંદરતાના લીધે હિકમત સભર છે. પરંતુ એ દીનની હકીકતો અને મારફતોથી પણ ભરેલી છે. માટે સર્વ પ્રથમ અત્રે સમર્પણ (હવાલે થઈ જવા)નો ઉલ્લેખ છે, જેમાં એ હિકમત છૂપાયેલી છે કે રબ્બાની હિદાયતનું જે મૂળ છે તેના માટે સમર્પણ કરવું અને નમી જવું જોઈએ, અને તે નૂરે હિદાયત એવું છે કે તેની કોઈ પડતી નથી (તેમાં કયાંય નાશ થવાનું નથી) જેમ હઝરત ઈબ્રાહીમ અલૈહીસ્સલામે ફરમાવ્યું કે "હું એવી વસ્તુથી દોસ્તી નથી કરતો જેનો નાશ થવાનો હોય." આ તે હકીકતની તરફ એક ઈશારો છે કે હિદાયતના અનુક્રમમાં

ખુદાનું નૂર સદાના માટે મૌજૂદ છે, જે માટે હંમેશા સરે તસ્લીમ ખમ (સમર્પણમાં માથું નમેલું) રાખવું જોઈએ. આ આયત મુજબ ઈસ્લામનો બીજો ગૂણ નેક કાર્ય છે, જેમાં દરેક પ્રકારની નેક નીય્યતી, દરેક પ્રકારની નેક વાતો અને સઘળા નેક આમાલ સમાયેલાં છે. જ્યારે નેક કાર્યોમાં ખુદાના દીનના સંબંધે સઘળી નેક નીય્યતો, નેક વાતો અને નેક આમાલ મર્યાદિત થઈ જાય છે, પછી શું રહી જાય છે સિવાય એના કે ખુદાની ઓળખાણ અને તૌહીદ પ્રાપ્ત કરવામાં આવે.

જ્યારે સમર્પણના વિષય દ્વારા હિદાયત પ્રાપ્ત કરવામાં આવી અને નેક કાર્યોના સ્વરૂપમાં દીને ઈસ્લામ ઉપર પૂરેપૂરી રીતે અમલ કરવામાં આવ્યો છે અને તે પછી તૌહીદનું ઈલ્મ પણ આવી ગયું તો તેના પછી દીને હકના પરિણામ અને ફળના સિવાય અન્ય કંઈ બાકી નથી રહેતું અને અહીંથી સ્પષ્ટ છે કે એ પરિણામ અને ફળ ખુદાની દોસ્તી જ છે.

પરવરદીગારે આલમની દોસ્તી ફકત દાવો કરવાથી જ પ્રાપ્ત નથી થતી બલ્કે અમલ થકી શકય બને છે, અને અમલ પણ એજ સ્વરૂપમાં હોય જેમ કે તેનો ઉલ્લેખ થયો છે, ત્યારે જ ખુદાની મુબારક અને પવીત્ર દોસ્તી પ્રાપ્ત થઈ શકે છે, અને આ પવીત્ર દોસ્તી જે ખુદાની પૂરેપૂરી ફરમાન બરદારીનું પરિણામ અને ફળ તથા નેક કાર્યોનો બદલો છે, અલ્લાહની નજદીકી તથા રૂહાનીયતના દરજ્જાઓના સ્વરૂપમાં છે અને ઈલ્મો-હિકમતની હેસીયતમાં છે, કેમકે ખુદાની દોસ્તી એક હકીકત છે અને ફકત નામ ખાતર હોવાની કોઈ વસ્તુ નથી બલ્કે એ તો ગૂણોના નૂરનો રૂહાની અનુભવ, ઈલ્મો હિકમતનું મૂળ અને હકીકી બહેશ્તનું દ્રશ્ય છે, જેમકે કુરાનમાં ફરમાવેલું

છે. "અને (ખુદા) તેમને એવા સ્વર્ગમાં દાખલ કરી દેશે જેની ઓળખ તેમને (પહેલાંથી) કરાવી દીધેલી છે." (૪૭/૬). અહીંથી સ્પષ્ટ છે કે હકીકી મોમીનોને પહેલાંથી જ બહેશ્તની ઓળખ હોવી જોઈએ અને જાણ તથા ઓળખાણ અનુભવ સાથે જ સંબંધિત છે. તો એ જણાયું કે ખુદાની દોસ્તી અને નજદીકી રૂહાનીયતના દરજ્જાઓના સ્વરૂપમાં છે જે આ દુન્યવી ઝીંદગીમાં બહેશ્તનો એક ભાગ છે, જ્યારે હકીકી મોમન દીલની આંખો વડે તેનો અનુભવ કરશે અને તેની ન્યામતોને ઓળખશે, ત્યારે આખરતમાં તે પૂર્ણ બહેશ્તમાં દાખલ થઈ શકશે, અને જે શખ્સ એવો હોય કે તે આ દુનિયામાં હકીકતને નથી જોઈ શકતો તો એવો શખ્સ આખરતમાં પણ બહેશ્તને નહીં જોઈ શકશે કે જે હકીકત છે.

હવે આપણને એ જોવાનું છે કે શું ખુદાની આ દોસ્તી તથા મહોબ્બતને ઈશ્કે હકીકી અથવા ઈશ્કે ઈલાહી પણ કહી શકીએ છીએ કે નહીં. જો કહી શકીએ છીએ તો એની શું સાબિતી છે વિગેરે. આ માટે કુરાને હકીમનું ફરમાન છે કે :- "અને લોકોમાંથી એવા પણ છે કે જેઓ અલ્લાહના સિવાય (બીજાઓને પણ) અલ્લાહના જેવો જ ગણે છે (અને) જેવી મહોબ્બત અલ્લાહની સાથે રાખવી જોઈએ એવી જ તેઓ સાથે રાખે છે પણ જેઓ ઈમાનદાર છે તેઓ (સૌ કરતાં) વધુ મહોબ્બત અલ્લાહ પ્રત્યે જ રાખે છે." ૨/૧૬૫.

આ પવીત્ર આયાતની હિકમતનો સાર એ છે કે જે લોકો બાતિલ એટલે કે જૂઠા ખુદાઓથી મહોબ્બત કરે છે, તે મહોબ્બત અમલી ચમત્કારી તો થઈ નથી શકતી બલ્કે ઊપર છલ્લી હોય છે, પરંતુ એ પણ કોઈ અન્યના માટે નહીં પણ અલ્લાહના માટે

જ હોવી જોઈએ. તે લોકોના વિરૂદ્ધ ઈમાનદાર લોકોની જે મહોબ્બત અલ્લાહ તઆલાની સાથે છે તે ઘણી જ શકિતશાળી અને અત્યંત સખત છે, કેમકે તે તો અમલી અને ચમત્કારી તથા સંપૂર્ણ ઈમાનનું પરિણામ તથા ફળ છે.

મજકૂર કુરાની આયતમાં આ સિવાય એક હિકમત એ પણ છે કે "અશદ્દુ હુબ્બન" (મહોબ્બતમાં મજબૂત)નો ઈશારો ઈશ્કે હકીકીના તરફ છે, કેમકે મહોબ્બતના છેવટના દરજ્જાઓનું નામ ઈશ્ક છે અને ઈશ્કની શરૂઆતની મંઝીલોને મોહબ્બત કહે છે. આ સ્પષ્ટ દલીલથી એ જણાયું કે આપણે ખુદાની દોસ્તી અને મહોબ્બતને બીજા શબ્દોમાં ઈશ્કે હકીકી અથવા ઈશ્કે ઈલાહી પણ કહી શકીએ છીએ.

અલ્લાહ તઆલાની પવીત્ર મહોબ્બતના વિષે અહીં ઉલ્લેખાયેલી પવીત્ર આયાતના ફરમાનના સિવાય કેટલીય હદીસો પણ છે, જેનાથી એ હકીકતની સાબિતી મળે છે કે ખુદાની મહોબ્બતનો વિશ્વાસ, દીનનો મૂળભૂત સિદ્ધાંત છે. જેમકે હદીસે શરીફમાં ફરમાવેલું છે કે "ઓ અલ્લાહ ! હું તારાથી એ સવાલ કરૂં છું કે (માગું છું) કે તારી મહોબ્બત મને અર્પણ કર." એટલે કે તું મારાથી મહોબ્બત કરવા લાગે અને હું તારાથી મહોબ્બત કરવા લાગું.

હવે આપણે એ વર્ણન કરીશું કે ખુદાની આ પવીત્ર મહોબ્બતનો વસીલો અને તેનું સાધન શું છે.

## પ્રકરણ બીજું

# ખુદાની દોસ્તીનો વસીલો

જયારે અલ્લાહ તઆલાની દોસ્તી અને મહોબ્બત એટલે કે ઈશ્કે ઈલાહીને દીને ઈસ્લામની મૂળભૂત માન્યતા ગણવામાં આવી અને સ્પષ્ટ કરવામાં આવ્યું કે એનું ફળ દુનિયામાં અમુક ભાગ પુરતું મળે છે અને આખરતમાં પૂરી રીતે, તો હવે આપણે એ કાર્યનો ખુલાસો કરશું કે શું ખુદાની દોસ્તી અને મહોબ્બતની પ્રાપ્તી કોઈ વસીલા (સાધન) વગર સીધેસીધી શકય છે કે પછી તેનો કોઈ વસીલો અને માર્ગ નક્કી કરેલ છે ? અને જો એનો કોઈ વસીલો છે, તો તે વસીલો શું છે ?

આ સવાલનો જવાબ મેળવવાને માટે ઘણું વધારે વિચારવાની પણ જરૂરત નથી, કેમકે ખુદાની મહોબ્બત દીને ઈસ્લામમાં સમાયેલી છે અને ઈસ્લામ તથા ઈમાનનું સાધન હઝરત મુહમ્મદ મુસ્તફા રસૂલે ખુદા (સ.અ.સ.)ની પવીત્ર હસ્તી છે, માટે ખુદાની દોસ્તી તથા મહોબ્બતનું સાધન પણ આપ સાહેબ (સ.અ.સ.) જ છે. જેમ કે ખુદાવંદ તબારક વ તઆલાનું મુબારક ફરમાન છે કે :-

"(અય રસૂલ !) તમો કહી દયો કે તમો (દાવો કરો છો કે) ખુદાથી મોહબ્બત ધરાવો છો તો તમે લોકો મારાં પગલે ચાલો કે જેથી અલ્લાહ તમારાથી મહોબ્બત કરવા લાગશે અને તમારાં સઘળા ગુનાહોને માફ કરી દેશે (૩/૩૧)

આ મુબારક આયાતમાં જો ધ્યાનપૂર્વક જુઓ તો તેની ઘણી બધી હિકમતોમાંથી આ અમુક હિકમતો તરતજ સ્પષ્ટ

Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

થઈને સામે આવી જાય છે. (૧) પવીત્ર ખુદાની મુબારક અને પાક દોસ્તી અને મહોબ્બત પ્રાપ્ત કરવાનો એકમાત્ર માર્ગ અને મૂળ વસીલો એજ છે કે દીલોજાન પૂર્વક હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ની પૂર્ણ તાબેદારી કરો અને તેમના પગલે ચાલો. (૨) ખુદાની દોસ્તી ફકત દાવો કરવાથી જ પ્રાપ્ત થનાર વસ્તુ નથી, બલ્કે તેના માટે અમલની ખાસ જરૂરત છે. (૩) મહાન ખુદાની દોસ્તી અને મહોબ્બત કોઈ વાસ્તા વગર અને વસીલા વગર કોઈને મળનાર નથી બલ્કે એ વાસ્તા સહીત અને વસીલા મારફત જ પ્રાપ્ત થઈ શકે છે. (૪) ફરમાન બરદારીનો મહાનતમ હેતૂ ખુદાની ખુશનુદી (રાજીપો) અને દોસ્તી છે. (૫) આથી વિરૂદ્ધ નાફરમાનીનું પરિણામ અલ્લાહની નારાઝગી અને દુશ્મની છે. (૬) પરવરદીગારે આલમની મહોબ્બત તથા ઈશ્કની કેળવણીની પ્રાપ્તી માટે અન્ય કોઈ શાળા નથી. સિવાય એના કે રસૂલે ખુદા (સ.અ.સ.)ના પગલે ચાલવામાં ધીરેધીરે ખુદાની મારફત અને મહોબ્બત પ્રાપ્ત કરી લેવાય. (૭) જ્યારે ખુદાવંદે આલમની મહોબ્બતના માટે રસૂલ (સ.અ.સ.)ના પગલે ચાલવું જરૂરી ઠેરવવામાં આવ્યું તો તેનાથી એ હકીકત સ્પષ્ટ છે કે હઝરત પયગમ્બર (સ.અ.સ.)ની મહોબ્બત વગર ન તો યોગ્ય રીતે તમો તેના પગલે ચાલી શકો છો અને ન તો ખુદાની મહોબ્બત અને ઓળખાણ થઈ શકે છે, કેમકે ફકત આપ સાહેબ (સ.અ.સ.) જ છે જે પોતાની પાછળ ચાલનારા (વાતો માનનારા)ઓને ખુદાની મહોબ્બત અને ઈશ્ક શીખવી શકે છે, અને આમ ફકત એજ સ્વરૂપે શકય છે જ્યારે કે હઝરતે રસૂલ (સ.અ.સ.)ની સાથે મહોબ્બત કરવામાં આવે. (૮) આ હિકમત ભરેલ આયાતથી એ પણ જાહેર છે કે તે બે પરવા ખુદા કોઈ

મનુષ્યને દોસ્ત નથી રાખતો, જ્યાં સુધી કે માનવી પોતે તેમાં અમલી રીતે પહેલ ન કરે. (૯) જ્યારે ખુદાવંદ તઆલા કોઈ મોમીન બંદાથી દોસ્તી અને મહોબ્બત કરે છે તો તેના પરિણામે ખુદા પોતાના દોસ્ત બંદાના સઘળા ગુનાહોને માફ કરી દયે છે.

ઉપર ઉલ્લેખાયેલી મજકૂર આયાતની હિકમતોનો સાર એજ છે કે ખુદાએ બરહકની દોસ્તી અને મહોબ્બત તથા ઈશ્કનો મહાન મરતબો પ્રાપ્ત કરવાને માટે હઝરત પયગમ્બર સલ્લમની તાબેદારી જરૂરી છે, જેમકે ફરમાવેલું છે કે :- "જેણે રસૂલે (સલ્લમ)ની તાબેદારી કરી તો તેણે ખુદાની તાબેદારી કરી." ૪/૮૦.

આ સામાન્ય સિદ્ધાંત થકી જણાયું કે અલ્લાહ તબારક વ તઆલાની તાબેદારી અને મહોબ્બતનું સાધન હઝરત પયગમ્બર (સ.અ.સ.) સાહેબ જ છે અને આપ નામદારની પવીત્ર હસ્તીના વગર ન તો અલ્લાહની તાબેદારીની ફરજ અદા થઈ શકે છે અને ન તો તેની મહોબ્બત પ્રાપ્ત થઈ શકે છે.

સાધન વસીલો અને વાસ્તો કુદરતના કાનૂન અને કુદરતી દીનની પ્રકાશિત હકીકતોમાંથી છે, જે માટે ફરમાવેલું છે કે :-

"ઓ ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને તેના સુધી પહોંચવાનો આધાર શોધો તથા તેના માર્ગમાં અંતઃકરણપૂર્વક પ્રયત્નો કરો કે જેથી તમો સફળતા પામો." ૫/૩૫.

વસીલાનો અર્થ છે નજદીકી, નજદિક થવાનો માર્ગ, અને નજદીકી પ્રાપ્ત કરવી તેનો અર્થ કોઈ વસ્તુની તરફ ચાહના અથવા ઈચ્છા સહીત પહોંચવું. તો અહીં ઉલ્લેખાયેલી આયાતે કરીમામાં સર્વ પ્રથમ સામાન્ય ઈમાનનો ઉલ્લેખ છે, પછી તકવા છે, પછી વસીલો છે, તેના પછી પ્રયત્ન અને છેવટમાં બન્ને જહાનમાં

ISW
Institute for Spiritual Wisdom
Luminous Science
Knowledge for united humanity

સફળતા, આ દ્વારા અકલમંદ લોકોને અંદાજો થયો હશે કે ઈસ્લામમાં વસીલો એક અતી મહત્વનો સિદ્ધાંત અને ઘણા જ જરૂરી અંગની હેસીયત ધરાવે છે, જે ઈસ્લામની દાવતના આરંભમાં પણ અને તેના અંતમાં પણ અંતર ચક્ષુની સામે આવે છે.

જાણવું જોઈએ કે ખુદાની નજદીકીનું સાધન અને વસીલો ન ફકત ઉમ્મતના માટે જ જરૂરી છે પણ એનો સંબંધ ખુદ રસૂલે ખુદા ((સ.અ.સ.)ની બરકતવંતી હસ્તીની સાથે પણ છે. જેમકે આપ નામદાર (સ.અ.સ.) ફરમાવે છે કે "એટલે કે મારા અને મારા પરવરદીગારના વચ્ચે પાંચ વાસ્તા છે, જે જીબ્રાઈલ, મેકાઈલ, અસરાફીલ, લોહ તથા કલમ છે."

આ હદીસ શરીફથી એ હકીકત સારી રીતે સ્પષ્ટ અને પ્રકાશિત થઈ ગઈ કે દીને હકમાં જ્યાં ખુદાના હબીબ સરવરે અંબીયા સલ્લમની પવીત્ર હસ્તી વસીલા અને વાસ્તાથી ખાલી નથી. ત્યાં આપ સાહેબ (સ.અ.સ.)ની ઉમ્મત આ સિદ્ધાંતથી કઈ રીતે અલગ રહી શકે છે. તો એ જણાયું કે અલ્લાહ તઆલાની દોસ્તી અને મહોબ્બત તથા ઈશ્કના માટે વસીલો જોઈએ અને એ વસીલો હઝરત પયગમ્બર (સલ્લમ) સાહેબની તાબેદારી છે.

## પ્રકરણ ત્રીજું

# ખુદાના રસૂલ (સ.અ.સ.)ની દોસ્તી

અકલમંદોની સામે આ સત્ય બિલ્કુલ સ્પષ્ટ થઈ ગયું કે અલ્લાહ તઆલાની દોસ્તી અને મહોબ્બતનો વસીલો હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના પગલે ચાલવુંછે અને આ સંશોધન પાછળ અમુક એવી સચ્ચાઈઓ પણ સામે આવી ગઈ છે જેમાંથી આપ નામદાર (સ.અ.સ.)ની મહોબ્બતના જરૂરી હોવાની સાબિતી મળી રહી હતી, તેમ છતાં આ પ્રકરણમાં તે પાક હસ્તી (સ.અ.સ.)ની દોસ્તી અને મહોબ્બતના વિષે કંઈક સચ્ચાઈઓનો ઉલ્લેખ કરવામાં આવે છે. માટે આપ નામદાર (સ.અ.સ.)ની મહોબ્બતના જરૂરી હોવા બાબત કુરાની આયાત અને હદીસે નબવીની ઘણી બધી દલીલો મૌજૂદ છે. પણ અમો અહીં કરકસરથી કામ લેતાં ફકત અમુક સ્પષ્ટ દલીલોને પૂરતી સમજીએ છીએ, અને આમ કુરાને હકીમની સૌથી પ્રથમ દલીલ એ છે કે અંબીયાએ કરામ અલૈહિમુસ્સલામની દાવત તથા નસીહતથી જે લોકોએ સાફ પણે મોઢું ફેરવ્યું અને ના કહી દીધી, તેનું એજ કારણ હતું કે તે લોકોને પોતપોતાના પયગમ્બરોથી દોસ્તીના બદલે દુશ્મની હતી, જેમ હઝરત સાલેહ અલૈહીસ્સલામની ભાષામાં કુરાને હકીમનું આ ફરમાન છે. "તે પછી સાલેહ તેમનાથી મોઢું ફેરવી ચાલ્યા ગયા અને કહ્યું કે હે મારી કૌમ, મેં તો ચોક્કસપણે મારા પરવરદીગારનો સંદેશો તમારા સુધી પહોંચાડી દીધો હતો અને તમારૂં ભલું ઈચ્છીયું (તમોને નસીહત કરી હતી) પણ તમો ભલું ઈચ્છનારાઓને

પોતાનો મિત્ર જ નથી સમજતા." (૭/૭૯) સ્પષ્ટ છે કે ઈન્કાર કરવાનું મોઢું ફેરવવાનું કારણ પયગમ્બરથી મહોબ્બત (દોસ્તી) ન રાખવાનું છે.

હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ની સાથે મહોબ્બત રાખવાની બીજા દલીલ એ છે કે અલ્લાહ તઆલાએ પોતાની તરફથી એક ખાસ મહોબ્બત હઝરત મૂસા (અ.સ.) ઉપર નાખી, જ્યારે કે હ. મૂસા નવ જન્મીત બાળક હતા કે જેથી એ મહોબ્બતથી પ્રભાવિત થઈને ફીરોન અને તેની પત્ની આપ સાહેબ (અ.સ.)ની શારીરિક દેખભાળ-સારસંભાળ કરે, અને તે આયાત આ છે. "અને મેં મારા તરફથી તારા ઉપર મારા પ્રેમનું પ્રતિબીંબ નાખ્યું કે જેથી તું મારી ખાસ દેખરેખ હેઠળ પોષણ પામે." ૨૦/૩૯.

આ હકીકતથી એ મતલબ કાઢી શકાય છે કે દરેક મોટા પયગમ્બરની ઘણી બધી ખાસીયતોમાંથી એક એ છે કે તેના ઉપર ખુદાની મહોબ્બતનું પ્રતિબીંબ નાખવામાં આવે છે કે જેથી તેની સાથે સંબંધિત લોકોને તેની સાથે પ્રેમ થઈ જાય, અને એવો જ કુદરતી પ્રેમ ચોક્કસપણે આપણા નબીએ આખર ઝમાન (સ.અ.સ.)ના માટે પણ ખાસ છે.

ત્રીજી દલીલ એ છે કે જે લોકો હઝરત ઈસા (અ.સ.)ના પગલે ચાલ્યા તેમના દીલમાં અલ્લાહ તઆલાએ તેમના માટે મહોબ્બત અને મહેર પેદા કીધી. આની સાક્ષી સુરહ હદીદ (૫૩)ની આયાત (૨૬)માં છે. આ પરથી પૂરેપૂરી રીતે એ સચ્ચાઈ પ્રકાશિત થઈ જાય છે કે કોઈ પયગમ્બરના માનનારાઓના દીલમાં પોતાના પયગમ્બરની મહોબ્બતનું પેદા થવું એક કુદરતી અમલ છે. અને એજ ઉદાહરણ હઝરત મુહમ્મદ પયગમ્બર

સાથે હઝરત મુર્તઝા અલી, અવ્વલ ઈમામની વિલાયત પણ ફરજિયાત કરવામાં આવી છે.

હવે રહ્યો એ સવાલ કે અમીરૂલ મોમનીન (અ.સ.)નું આ પુણ્યશાળી કાર્ય બહુવચન તરીકે શા માટે ઉલ્લેખવામાં આવ્યું છે ? એનો એક જવાબ એ છે કે માનવંત મૌલા મુર્તઝાઅલી (અ.સ.) ઈમામોના પિતાનો મરતબો ધરાવે છે અને તેના લીધે આપ નામદારના બોલ તથા કાર્યની હકીકત તથા બનાવમાં તે સઘળા પાક ઈમામો પણ સમાયેલાં છે, જેઓ આપ નામદાર (અ.સ.)ના વંશમાંથી કયામત સુધી દુનિયામાં જાહેર થનારાં છે. જેમ હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના વિષે ફરમાવવામાં આવ્યું છે કે "બેશક ઈબ્રાહીમ એક પૂરી ઉમ્મત હતા, ખુદાના ફરમાન બરદાર અને બાતિલથી છેટે રહીને ચાલનાર હતા." ૧૬/૧૨૦.

ઈમામે આલી મુકામની દોસ્તીની બીજી દલીલ આયાતે ઈતાઅત છે. જેમાં ફરમાવવામાં આવ્યું છે કે-

"ઓ ઈમાનવાળાઓ તાબેદારી કરો અલ્લાહ તઆલાની અને તાબેદારી કરો રસૂલની અને ઉલીલ અમ્રની જે તમારામાંથી છે. ૪/૫૯.

અહીં એ સ્પષ્ટ છે કે આ તાબેદારી દીની છે, દુન્યવી હરગીઝ નથી અને એ પણ સ્પષ્ટ છે કે ખુદાની તાબેદારી પછી રસૂલ (સ.અ.સ.)ની તાબેદારી એ માટે છે કે આપ નામદાર (સ.અ.સ.)ની તાબેદારી ખુદાની તાબેદારી છે અને આપ નામદાર (સ.અ.સ.)ની તાબેદારી પછી સાહેબે અમ્ર (હુકમના ધણી) એટલે કે પવીત્ર ઈમામો (અ.સ.)ની તાબેદારી એ માટે છે કે તેવણ માનવંત સાહેબોની તાબેદારી હ:રસૂલ (સ.અ.સ.)ની તાબેદારી છે. તો આમ આયાતે વિલાયત અને આયાતે

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

ઈતાઅતનો એક જ હેતૂ છે કે ન તો વિલાયત (દોસ્તી) તાબેદારીના વગર પ્રાપ્ત થઈ શકે છે અને ન તો ઈતાઅત વિલાયતના વગર શકય છે.

ત્રીજી દલીલ એ છે કે કુરાને મજીદની કેટલીય આયાતોમાં કાફરોથી દોસ્તી રાખવા માટે ના પાડવામાં આવ્યું છે, અને મોમીનોની સાથે દોસ્તી રાખવાનો આગ્રહ કરવામાં આવ્યો છે, જો ઈમાનને મજબૂતી પહોંચાડવા માટે મોમીનોની દોસ્તી જરૂરી છે તો મોમીનોના સરદાર એટલે કે ઈમામ (અ.સ.)ની દોસ્તી તો તે કરતાં પણ વધારે જરૂરી અને ફરજિયાત છે અને એમ વિચારવું ખુદાના ઈન્સાફના વિરૂદ્ધ છે કે જે લોકોની દોસ્તી માટે ના પાડવામાં આવેલ છે તેના સરદાર દરેક વેળાએ દુનિયામાં મૌજૂદ હોય અને જે લોકોની દોસ્તી ફરજિયાત છે તેમનો કોઈ સરદાર અને અમીર ન હોય.

ચોથી દલીલ : જે રીતે દીની તાબેદારી ત્રણ દરજ્જાઓમાં પૂર્ણ થઈ જાય છે, કે જે મૂળમાં એક જ ઈતાઅત- એક જ તાબેદારી છે, એટલે કે ખુદાની તાબેદારી. રસૂલ (સ.અ.સ.)ની તાબેદારી અને હુકમના ધણી એટલે કે ઉલીલ અમ્રની તાબેદારી. એજ રીતે વિલાયતના પણ ત્રણ દરજ્જાઓ છે. ખુદાની વિલાયત, રસૂલ (સ.અ.સ.)ની વિલાયત અને પાક ઈમામો (અ.સ.)ની વિલાયત અને આ મૂળમાં એક જ વિલાયત છે. જેમકે અલ્લાહ પાકનું ફરમાન છે. "અને ખુદા તમારા દુશ્મનોથી ખૂબ સારી રીતે જાણકાર છે અને દોસ્તીના માટે બસ ખુદા પૂરતો છે અને હિમાયતના માટે પણ ખુદા જ પૂરતો છે." (૪/૪૫). આ પવીત્ર આયાતમાં એક તરફ બાતિલની દુશ્મનીનો ઉલ્લેખ છે અને બીજી તરફ હકની દોસ્તીનો અને રસૂલે મકબૂલ (સ.અ.સ.)

તથા પવીત્ર ઈમામો (અ.સ.)ની દોસ્તી હક છે. માટે પ્રત્યેક તે દોસ્તી, જે ખુદાના તરફથી હોય તે હક છે અને તે મૂળમાં ખુદાની જ દોસ્તી છે. તો આજ કારણ છે, કે જે માટે ફરમાવવામાં આવ્યું કે દોસ્તી અને હિમાયતના માટે ખુદા જ પૂરતો છે. અર્થાત ખુદાની દોસ્તી અને હિમાયત, મલાયકો, રસૂલ (સ.અ.સ.), ઉલીલ અમ્ર (અ.સ.) તથા મોમીનોની દોસ્તીના સ્વરૂપમાં પૂરતાં છે. એટલે કે સમય અને સ્થળ તથા જાહેર અને બાતિનમાં પહોંચનાર છે.

પાંચમી દલીલ : કુરાનમાં છે કે કયામતના દિવસે ફરીશ્તાઓ મોમીનોથી કહેશે કે "અમો દુનિયાની જીંદગીમાં પણ તમારાં મિત્ર હતા અને આખરતમાં પણ (મિત્રા) છીએ." (૪૧/૩૧). આ ફરમાન થકી એક તરફ તો એ સાબિત થાય છે કે ફરીશ્તાઓની આ દોસ્તી ખુદા અને રસૂલ (સ.અ.સ.) તથા ઉલીલ અમ્રની મોહબ્બત અને વિલાયતના વગર અશકય છે. અને બીજી તરફ આના થકી એ સાબીતી મળે છે કે ખુદાની વિલાયત અસલમાં એક જ હકીકત હોવા છતાં કેટલાંય દરજ્જાઓ ઉપર આધારિત છે.

છઠ્ઠી દલીલ : અલ્લાહ તઆલા ફરમાવે છે કે "જાણી લ્યો કે બેશક જે અલ્લાહના મિત્રો છે તેમને ન તો કોઈ ભય છે અને ન તેઓ ઉદાસ થશે." (૧૦/૬૨) જાણવું જોઈએ કે ભયનો સંબંધ હાલ (વર્તમાન)થી લઈને અબદ સુધી છે અને ગમ અથવા ઉદાસિનતાનો સંબંધ હાલથી લઈને અઝલ સુધી છે. હવે અહીં ખુદાના જે મિત્રોના અત્રે જે વખાણ કરવામાં આવ્યા છે કે તેઓ ભય અને ઉદાસીની અસર હેઠળ નથી. તેનો ઈશારો એ થયો કે એ માનવંત સાહેબો વિલાયતના નૂરના પ્રકાશમાં અઝલી અને

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

અબદી હકીકતોને જાણે છે અને ખુદાની સંપૂર્ણ રહેમતથી સારી રીતે વાકેફ છે. તો ખુદાના આવા મિત્રો પયગમ્બર સલ્લમના પછી પાક ઈમામો અલૈહિમુસ્સલામ છે. જેમની દોસ્તી મોમીનો ઉપર વાજબ છે કેમકે ખુદા પણ તેમનાથી દોસ્તી રાખે છે.

સાતમી દલીલ : સુરહ ૪૩ આયાત ૬૭માં ફરમાવેલું છે કે "કયામતના દિવસે સઘળા મિત્રો એકબીજાના દુશ્મન બની જશે પરંતુ પરહેઝગારો આવી બાબતથી બાકાત હશે." અર્થાત તેઓ એકબીજામાં મિત્રો જ રહેશે. આનો એ અર્થ થયો કે પયગમ્બર (સ.અ.સ.) અને ઈમામો (અ.સ.)ની મિત્રતા ન ફકત દુનિયામાં હિદાયતનું સાધન છે બલ્કે તે તો આખરતમાં નજાત એટલે કે મુકિતનો વસીલો પણ છે.

આઠમી દલીલ : પવીત્ર કુરાનમાં છે કે "હે ઈમાન લાવનારાઓ ! અમોએ તમોને જે કંઈ આપ્યું છે તેમાંથી તે દિવસ આવી જાય એ પહેલાં ખર્ચ કરો કે જે (દિવસ)માં ન તો લેવડદેવડ થશે અને ન તો દોસ્તી હશે અને ન કોઈ ભલામણ હશે." (૨/૨૫૪) આ ફરમાન થકી એ સ્પષ્ટ છે કે દુનિયામાં જ આખરતનું કંઈક ભાથું બનાવી લેવું જોઈએ. અહીંથી જ ખુદાના ખાસ લોકોની દોસ્તી પ્રાપ્ત કરી લેવી જોઈએ અને ભલામણ (સીફારીશ)નું સાધન પણ હમણાંથી જ હોવું જોઈએ. નહીં તો કયામતનો દિવસ એવો છે કે તેમાં ન કોઈ ખરીદી કે વેચાણ થાય છે, ન કોઈ દોસ્તી પેદા કરી શકાય છે અને ન કોઈ ભલામણ થઈ શકે છે. જ્યાં સુધી કે આ સઘળું અહીં પ્રાપ્ત ન થાય, તો એ જણાયું કે આખેરતની લેવડ દેવડ દોસ્તી અને શફાઅત (છૂટકારો) અહીંથી જ પ્રાપ્ત થઈ શકે છે.

નવમી દલીલ : સુરહ ફુરકાન (૨૫)ની આયાત ૨૭ અને

૨૮માં ફરમાવેલું છે કે "અને જે દિવસે જુલમગાર પોતાના હાથ કાપી કાપીને ખાશે, કહેશે કે કેવું સારૂં થાત કે રસૂલનો માર્ગ ગ્રહણ કર્યો હોત હાય અફસોસ ! કેવું સારૂં થાત કે મેં ફલાણાને મિત્ર ન બનાવ્યો હોત. "આ બેઉ આયાતોનો અનુવાદ હિકમતની ભાષામાં કહી રહ્યો છે કે જેનો ઉલ્લેખ થયો છે તે જુલમગારે જે જુલ્મ કર્યો તેનું સ્પષ્ટ પાસુ એ છે કે તે રસૂલ (સ.અ.સ.)ની સાથે દીનના માર્ગ ઉપર ન રહ્યો જેનું કારણ એ હતું કે તેણે એક ગેરવ્યાજબી શખ્સને મિત્ર બનાવ્યો. જો તે નાહકના શખ્સને મૂકી દઈને હકદારને પોતાનો મિત્ર બનાવતે તો તેના પરિણામે તે રસૂલ (સ.અ.સ.)ની સાથે હકના માર્ગ ઉપર રહી શકતે. અહીંથી જણાય છે કે વિલાયત ઈસ્લામ દીનનો પ્રથમ સ્થંભ છે.

દસમી દલીલ : કુરાને હકીમ માનવીઓના સ્વભાવ અને આદતોનું પ્રતિબીંબ પાડતા ફરમાવે છે કે "અને એ વાત શકય છે કે તમો કોઈ વસ્તુને ના પસંદ કરો અને તે તમારા માટે સારી હોય અને એ પણ શકય છે કે તમો કોઈ વસ્તુને પસંદ કરો અને તે તમારા માટે ખરાબ હોય, અને અલ્લાહ તઆલા જાણે છે અને તમે નથી જાણતા." (૨/૨૧૬). આ આજ્ઞા થકી સ્પષ્ટ થઈ જાય છે કે ખુદા અને રસૂલ (સ.અ.સ.)ના પછી ઉલીલ અમ્રની તાબેદારી અને દોસ્તી ફરજિયાત છે, કે જેથી બુરાઈ અને ભલાઈની ઓળખાણ પ્રાપ્ત થાય અને હક તથા બાતિલની વચ્ચે તફાવત અને સમજ કરી શકાય. કેમકે આ આયાત દ્વારા સ્પષ્ટ છે કે માનવી પોતે કંઈ નથી જાણતો.

અગીયારમી દલીલ : સુરહ માએદાહ (૫)ની આયાત ૫૬માં ફરમાવેલું છે કે "અને જે શખ્સે ખુદા અને રસુલ (સ.અ.સ.)



Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

તથા ઈમાનવાળાઓને પોતાના મિત્ર બનાવ્યા તો (તે ખુદાના લશ્કરમાં આવી ગયો અને) એમાં તો કંઈ શંકા નથી કે ખુદાનું જ લશ્કર સર્વોપરી (છવાએલું) રહે છે. "આ ઈલાહી હુકમમાં અકલ તથા ઈલ્મવાળાઓને માટે એ કલ્પના રજૂ કરવામાં આવી છે કે દુનિયામાં જાહેરી રીતે અને બાતિની પ્રકારે હક તથા બાતિલ એટલે કે ઈસ્લામ અને કુફરની વચ્ચે યુદ્ધનો ક્રમ ચાલતો જ રહેશે અને દરેક વેળાએ હકને વિજય પ્રાપ્ત થશે તથા બાતિલને હાર મળશે, અને તેના પરિણામો તે દિવસે જાહેર થશે જેના સંબંધે અલ્લાહ તઆલાએ વચન આપેલું છે. માટે અકલમંદી એ વાતમાં છે કે ખુદા રસૂલ (સ.અ.સ.), ઉલીલ અમ્ર અને મોમીનોની દોસ્તી કરવામાં આવે.

બારમી દલીલ : વલી અને મિત્રની નીયુક્તિ ખુદાના તરફથી હોવી જોઈએ કે જેથી તે આસમાની હિદાયત અને ઈલ્મે લદુનીનું મૂળ ગણાય. જેમકે કુરાને હકીમની આ પવીત્ર આયાતમાં છે કે "(ઓ અલ્લાહ) તારા તરફથી અમારા માટે એક દોસ્ત (મુરબ્બી) ઉભો કર. અને તારા તરફથી અમારો કોઈ મદદગાર પણ બનાવ." ૪/૭૫ આ કુરાની આયાતમાં "મીન લદુનકા" (તારી હુઝુરમાંથી, તારા તરફથી, અને તારી પાસેથી) વિચારવા લાયક છે અને એ વિચાર અને ફિકરનું પરિણામ એજ છે કે જે પરીપૂર્ણ માનવી ઈલ્મો હિકમત અને પરહેઝગારીમાં સઘળા લોકોથી અફઝલ (વધીને-મહાન) હોય, તેજ માનવી ઈલ્મ તથા દરજ્જો ધરાવે છે, અને તેજ ખુદાની નજદીકીનો દરજ્જો ધરાવે છે, અને આવો ઉચ્ચ મરતબો ધરાવનાર માનવી ઈમામ જ છે જેની દોસ્તી અને મહોબ્બત વાજબ છે.

આ સઘળી ઉલ્લેખાયેલી દલીલોના પ્રકાશમાં જોવાથી જણાય

છે કે હૈયાત અને હાજર ઈમામની દોસ્તી અને મહોબ્બત વાજબી અને જરૂરી છે કે જેથી સાહેબે અમ્ર એટલે કે બરહક ઈમામ અલૈહિસ્સલામની તાબેદારીનું માન પ્રાપ્ત થાય અને આ વસીલા થકી પયગમ્બર (સ.અ.સ.)ની તાબેદારીનો દરજજો મેળવી શકાય અને રસૂલ (સ.અ.સ.)ના મારફત ખુદાની તાબેદારીનો મરતબો મળી શકે.

તેરમી દલીલ : હદીસે શરીફનું ફરમાન છે કે "જેણે અલી (અ.સ.)થી મહોબ્બત રાખી તેણે મારી સાથે મહોબ્બત રાખી અને જેણે અલી (અ.સ.)થી બુગ્ઝ (દુશ્મની) રાખી તેણે મારી સાથે દુશ્મની રાખી. "આ હદીસથી સ્પષ્ટ છે કે ઈમામ (અ.સ.)ની મહોબ્બત પયગમ્બર (સ.અ.સ.)ની મહોબ્બત છે અને સઘળાઓ જાણે છે કે રસૂલ (સ.અ.સ.)ની મહોબ્બત ખુદાની મહોબ્બત છે.

ચૌદમી દલીલ : હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નું ફરમાન છે. "ઓ અલ્લાહ તારી મખ્લુકમાં જે સૌથી વધારે તને પ્રીય હોય તેને લઈ આવ" (તે મારી સાથે આ પંખીનું માંસ ખાય, પછી હઝરત અલી (અ.સ.) આવ્યા અને આપ નામદારની સાથે ખાધું) આ પરથી જણાય છે કે સઘળી મખ્લુકાતમાંથી હ:અલી (અ.સ.) જ હતા જે ખુદાને સર્વથી વધુ પ્રીય હતા.

પંદરમી દલીલ : "હઝરત અલી (અ.સ.)થી મહોબ્બત ધરાવવી એવી નેકી છે કે જે હોવાને લીધે કોઈ ગુનોહ નુકસાન નહીં કરશે." (હદીસ) આનો અર્થ છે કે જેના હૃદયમાં ઈમામ (અ.સ.)ની મહોબ્બત હશે તેનાથી કોઈ ગુનોહ નથી થવાનો, કેમકે ઉચ્ચ મુકામ ધરાવનારા ઈમામની મહોબ્બત માનવીને નાફરમાનીથી રોકીને તાબેદારીની પ્રેરણા આપે છે.

ISW
Institute for Spiritual Wisdom and Luminous Science

સોળમી દલીલ : હઝરત પયગમ્બર સાહેબનું ફરમાન :– "મૌલા અલી (અ.સ.)થી ધિક્કાર રાખવો એવું પાપ છે કે જેના હોવાના કારણે કોઈ નેકી કામ નહીં આવશે. "મતલબ કે ખુદા અને રસૂલ (સ.અ.સ.) તથા બરહક ઈમામ (અ.સ.)ની મહોબ્બત તથા ખુશ્નુદીના વગર કોઈ નેકી સાચા અર્થમાં નેકી નથી હોઈ શકતી.

સત્તરમી દલીલ : રસૂલ (સ.અ.સ.) ફરમાવેલ છે કે "હઝરત અલી (અ.સ.)ની સાથે દગો નહીં કરવો (ખોટી મહોબ્બત ન રાખવી) અને કોઈ મોમીને તેમની સાથે ધિક્કાર નહીં રાખવો." આ હદીસ શરીફથી સ્પષ્ટ છે કે ઈમાન અને દગાબાજીની વચ્ચે તફાવત તથા ફરકના માટે જે ધોરણ નક્કી કરવામાં આવેલ છે તે અલી (અ.સ.)ની વિલાયત (દોસ્તી) જ છે અને તે વિલાયતે આલે નબી અને ઔલાદે અલી (અ.સ.)ની વંશપરંપરાગત ઈમામતમાં ચાલતી રહે છે અને રહેલી છે.

ISW IS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

## પાંચમું પ્રકરણ

# મોમીનોથી દોસ્તી

પાછલા પ્રકરણોમાં ખુદા, રસૂલ (સ.અ.સ.) અને પાક ઈમામો (અ.સ.)ની દોસ્તી વિષે વાત કરતાં મોમીનોની દોસ્તીની મહત્વતા તરફ પણ ઈશારો કરવામાં આવ્યો, તેમ છતાં એ વાત જરૂરી છે કે આ બારામાં અત્રે એક ટૂંકું પ્રકરણ લખવામાં આવે તો ખુદાવંદી ફરમાન છે કે "મોમીનો માટે જરૂરી છે કે કુફફાર (નાસ્તિકો)ને મિત્ર ન બનાવે મોમીનોને મૂકીને." ૩/૨૭. આ મુબારક આયાત દ્વારા એ હકીકત સ્પષ્ટ થઈ જાય છે કે જ્યાં દીન અને ઈમાન સાથે મજબૂત સંબંધોના ખાતર મોમીનોની દોસ્તી જરૂરી ગણાવવામાં આવી છે, ત્યાં અમીરૂલ મોમનીન એટલે કે ઈમામ (અ.સ.)ની દોસ્તી તેથી પણ વધારે જરૂરી હોય છે.

સુરહ તૌબા (૯)ની ૧૬મી આયાતમાં આ મુજબ ફરમાવેલું છે કે "શું તમોએ એવી ધારણા કરી લીધી છે કે તમોને એમ જ છોડી દેવામાં આવશે ? જ્યારે કે અલ્લાહે હજુ તમારામાંથી તે લોકોને જાહેર જ નથી કર્યા કે જેમણે જેહાદ (ધર્મ યુદ્ધ) કર્યું અને સિવાય અલ્લાહના અને તેના રસૂલ (સ.અ.સ.)ના તથા મોમીનોના, કોઈ અન્ય ને રાઝદાર (વિશ્વાસુ) મિત્ર નથી બનાવ્યો."

આ હિકમત ભરેલી આયાતથી ન ફકત ખુદા અને રસૂલ તથા મોમીનોની સાથે દોસ્તી રાખવાની સાબિતી મળે છે, પરંતુ આના થકી એ સચ્ચાઈ પણ સ્પષ્ટ થઈ જાય છે કે આ પવીત્ર આયાત ના નાઝીલ થવા પછી કોઈક વખતે સઘળા મુસલમાનોથી એ જબરજસ્ત પરીક્ષા લેવાની હતી કે ખુદા તઆલા, અલી

ISW IS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

(અ.સ.। તથા ઔલાદે અલી (અ.સ.)ની શ્રેષ્ઠતાને જાહેર કરે અને જોવામાં આવે કે કોણ તેને કબૂલ કરે છે અને કોણ નથી કરતું. જો એમ માનીએ કે ઉપર ઉલ્લેખાયેલી મુબારક આયાત પવીત્ર ઈમામો (અ.સ.)ની શાનમાં છે, તો તેના વિશ્વાસુ મિત્ર ખુદા અને રસૂલ (સ.અ.સ.) તથા મોમીનો હોવા બાબત એ અર્થ થશે કે તેમને અલ્લાહ તઆલા અને પયગમ્બર સલ્લમના તરફથી ઈલ્મો હિકમત અને મદદ તથા હિદાયતનો ફાયદો ચાલી જ રહ્યો છે અને પછી તેમના તરફથી પગથિયે પગથિયે મોમીનોને હિદાયતનો પ્રકાશ મળતો રહે છે. જો આ હકીકત નહોત તો ઈતાઅત (તાબેદારી)ના ત્રણ દરજ્જાઓ ન હોત. અર્થાત ખુદાની તાબેદારી, રસૂલ (સ.અ.સ.)ની તાબેદારી અને ઈમામો (અ.સ.)ની તાબેદારી, આ સઘળી હિકમતો શબ્દ "વલીજાહ"માં સમાયેલી છે જે રાઝદાર એટલે કે વિશ્વાસુ મિત્ર અને જીગરી દોસ્તના અર્થમાં આવેલ છે.

મોમીનોની એકબીજામાં જે મહોબ્બત અલ્લાહ તઆલાની ખુશીના માટે હોય અને જેના માટે ખુદાએ હુકમ દીધો હોય, તે ઈમાનનો એક ભાગ છે, માટે આ હદીસમાં એજ અર્થ નીકળે છે, કે "ખુદાના ખાતર મહોબ્બત રાખવી (ન કે કોઈ દુન્યવી સ્વાર્થ ખાતર) એ ઈમાનનો એક ભાગ છે."

આપણે આવી મહોબ્બતને દીની મહોબ્બત પણ કહી શકીએ છીએ, અને આ મહોબ્બતના આપમેળે દરજ્જાઓ નક્કી હોય છે. મતલબ કે ખુદાની મહોબ્બત, રસૂલ (સ.અ.સ.)ની મહોબ્બત, ઈમામ (અ.સ.)ની મહોબ્બત અને મોમીનોની મહોબ્બત, કેમકે દીનની રચનાનું સ્વરૂપ હદૂદ અને દરજ્જાઓ જ છે.

યાદ રહે કે હકથી મહોબ્બત અને બાતિલથી નફરત એ

માટે જરૂરી છે કે માનવી જે વસ્તુથી મહોબ્બત કરે છે તે તેની સાથે જોડાઈ જાય છે, તેના તરફ ખેંચાઈ જાય છે અને તેના રંગે રંગાઈ જાય છે, તેનો ગૂણ ગ્રહણ કરી લ્યે છે અને મહોબ્બત જ એ શકિત છે કે જે જુદાં પડી ગયેલાં દીલોને એક કરી દયે છે, જેમકે કુરાને હકીમમાં ફરમાવેલું છે કે "અને તમો સઘળા અલ્લાહ તઆલાની રસ્સીને મજબૂતીથી પકડી રાખો અને જુદા જુદા ન થઈ જાઓ અને યાદ કરતા રહો અલ્લાહ તઆલાની ન્યામતને જે તમો ઉપર છે, જ્યારે કે તમો (એકબીજાના) શત્રુ હતા, તેણે તમારાં દીલોમાં મહોબ્બત નાખી દીધી, તમો તેની ન્યામતના લીધે ભાઈ ભાઈ થઈ ગયા." (૧/૧૦૩). જાણવું જોઈએ કે કુરાન, ઈસ્લામ નબુવ્વત અને ઈમામત મળીને જ ખુદાની રસ્સી છે અને ખુદાની મહાનતમ ન્યામત પણ એજ છે અને એજ ન્યામતના કારણે મુસલમાન ભાઈ ભાઈ થઈ ગયા હતા.

આ દીની ભાઈચારા અને કોમી એકતાથી મુસલમાનોમાં જે એકરંગી ઉદ્દભવી હતી તેના વિષે ફરમાવેલું છે કે "રંગ તો ખુદાનો છે અને ખુદાના રંગ કરતાં કોનો રંગ વધુ સારો હોઈ શકે છે. આ વિલાયત અને મહોબ્બતના રંગનો ઉલ્લેખ છે. (૨/૧૩૮).

આજ અર્થમાં રસૂલે અકરમ (સ.અ.સ.)નું ફરમાન છે કે "કયામતના દિવસે માણસ તેની જ સાથે હશે જેનાથી તે મહોબ્બત ધરાવે છે." આનો અર્થ એ છે કે જે શખ્સ દુનિયાની જીંદગીમાં ખુદા અને રસૂલ (સ.અ.સ.), બરહક ઈમામ અને મોમીનોથી દોસ્તી રાખતો હશે તે કયામતના દિવસે તેઓની જ સાથે બહેશ્તમાં હશે. આનાથી વધીને મોમીનોનું કેવું સદ્દભાગ્ય હશે કે તેને કયામતના દિવસે ખુદાની નજદીકી અને નબી (સ.અ.સ.) તથા હ:અલી (અ.સ.)ની સાથે હોવાનું માન પ્રાપ્ત થનાર છે.

Institute for Spiritual Wisdom Luminous Science
Knowledge for a united humanity

# પ્રકરણ છઠ્ઠુ

# નેક આમાલથી દોસ્તી

કુરાને હકીમ, હિકમતની ભાષામાં જે કેળવણી આપે છે તેમાં આ પણ છે કે ઈમાનનું કેન્દ્ર ઈન્સાની હૃદય એટલે કે મોમીનનું દીલ છે. એ ઈમાન ફકત નામની વસ્તુ હરગીઝ નથી પણ તે એક જીવંત અને સ્પષ્ટ સત્ય છે. જ્યારે એક હકીકી મોમન, રૂહાનીયતના એક ઊચ્ચ સ્થાન ઉપર પહોંચે છે તો તે દીલની દ્રષ્ટિ વડે ઈમાનના પ્રકાશનો અનુભવ કરી શકે છે. ખુદાએ જલીલો જબ્બાર એ સત્યનો સાક્ષી છે કે ઈમાન હકીકી મોમનના દીલને અમલી રીતે બહેશ્તનો નમૂનો બનાવી દયે છે. પછી મોમનની ઈમાનની સાથે ઘણી મહોબ્બત હોય છે અને ત્યારે કુફ્ર, અને નાફરમાનીથી તેને નફરત થાય છે, અને આવા મોમીનો હીદાયત પામેલાં હોય છે અને આ કુરાની આયાતમાં એવો જ અર્થ નીકળે છે.

"પરંતુ ખુદાએ તો તમોને ઈમાનની મહોબ્બત દઈ દીધી છે અને તેને તમારાં દીલોમાં આકર્ષિત કરી દીધા છે અને કુફ્ર તથા બદકારી અને નાફરમાનીથી તમોને કંટાળો ઉત્પન્ન કરી દીધો, એજ લોકો હીદાયતના માર્ગ ઉપર છે." (૪૯/૭).

જ્યારે પરીપૂર્ણ ઈમાનનો કોઈ ઉલ્લેખ થાય છે, તો તેમાં ઈમાનની જરૂરત તથા તેના પરિણામો અને ઈમાનના ફળો પણ ધારણામાં લેવાય છે, અને જાણવું જોઈએ કે ઈમાન મોમીનના દીલમાં નૂરાનીયતની એક સદાબહાર દુનિયા છે અને તેનાથી મોમીનની મહોબ્બત જરૂરી વસ્તુ છે. જેમકે કુરાને હકીમમાં

ફરમાવેલું છે. "એજ તે લોકો છે જેમના મનમાં (અલ્લાહ તઆલાએ) ઈમાન લખી દીધું અને તેમની સહાય પોતાની એક રૂહ વડે કરી." (૫૮/૨૨). એટલે કે મોમીનોના દીલોમાં અલ્લાહ તઆલાનું કે ફરીશ્તાઓનું ઈમાન લખી દેવું એમ છે કે સંપૂર્ણ ઈમાનના પરિણામો અને ફળો રૂહાનીયતની એક સ્પષ્ટ દુનિયાના સ્વરૂપે તૈયાર થઈ ગયા. આનો અર્થ એ છે કે ઈમાન, ઈમાનની આવશ્યકતા અને ઈમાનના પરિણામોથી મોમીનોને ઘણી મહોબ્બત હોય છે.

પવીત્ર કુરાનમાં (૩૮/૩૨) ઝીકરે ઈલાહીને વ્હાલો રાખવા અને તેને સઘળી દુનિયાની વસ્તુઓ ઉપર પસંદગી આપવાનો ઈશારો મૌજૂદ છે. (૨/૨૧૬)માં હિકમતની ભાષા વડે એ ફરમાવવામાં આવ્યું છે કે તમો હીદાયતના નૂરના પ્રકાશમાં ખોટી પસંદગીથી બચીને દરેક નેક આમાલથી દોસ્તી રાખો અને દરેક બૂરા આમાલથી નફરત કરો. (૩/૯૨)માં ફરમાવેલું છે કે "તમો પૂર્ણ નેકીને કયારેય પ્રાપ્ત નહીં કરી શકો, જ્યાં સુધી કે પોતાની વહાલી ચીજોમાંથી (અલ્લાહના માર્ગમાં) ખર્ચ નહીં કરો, આ ઉપરથી જણાયું કે હલાલ વસ્તુઓથી મહોબ્બત રાખવી વ્યાજબી છે પરંતુ સમય આવતા તેમાંથી ખુદાના માર્ગમાં ખર્ચ કરવો જરૂરી છે.

સુરહ ૨૪ની આયાત ૨૨માં ફરમાવવામાં આવે છે "શું તમો એ નથી ઈચ્છતા કે ખુદા તમારી ભૂલો માફ કરે." આમાં અલ્લાહ તઆલાની બક્ષિશને દોસ્ત રાખવાની આજ્ઞા છે.

સુરહ કયામત (૭૫)ની આયાત ૨૦-૨૧માં દુનિયાથી મહોબ્બત કરવા અને આખેરતને છોડી દેવા બાબત વાંધો ઉપાડવામાં આવ્યો છે, જેનો હેતૂ એ છે કે આખરતથી મહોબ્બત

કરવામાં આવે.

અલ જુમ્માહ (૬૨)ની આયાત (૧૩) ફરમાવેલું છે કે "મોમીનો અલ્લાહ પાકની તરફથી મદદ અને સફળતાના ચાહક હોય છે, જે જલ્દી પ્રાપ્ત થનાર છે." ટૂંકાણમાં કહીએ તો કુરાને હકીમમાં એવા ઘણા સ્પષ્ટ ફરમાનો અને ઈશારાઓ મૌજૂદ છે. જેનાથી સાબિત થાય છે કે નેકીથી મહોબ્બત અને બદીથી નફરત જરૂરી છે કે જેથી વિલાયતના દરજજાઓ પાર થઈ શકે અને અબદી-હંમેશાની (અનંત) નજાત પ્રાપ્ત થાય.

ISWLS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# સાતમું પ્રકરણ
## -: ખુલાસો :-

"વિલાયતનામા"ના આ લેખના સંબંધે આરંભથી લઈને અહીં સુધી જે હકીકતોનું વર્ણન થયું છે તેનો ખુલાસો એજ છે કે દીન એટલે કે વિશ્વાસ અને ઈમાનનું મૂળ અને પાયો તથા તેનું અસલ સ્વરૂપ હકીકી મહોબ્બત જ છે, એટલે કે ખુદા અને રસૂલ (સ.અ.સ.) તથા રસૂલના નાયબની દોસ્તી અને મહોબ્બત, જે સંપૂર્ણ તાબેદારીના સ્વરૂપમાં હોવી જોઈએ. અને આજ સિદ્ધાંત ઈસ્લામ દીનની તે ચાર મંઝીલોમાં કામ કરે છે જે શરીયત, તરીકત, હકીકત અને મારફતના નામે પ્રખ્યાત છે, કેમકે હકીકી મહોબ્બત વગર ખુદાના માર્ગનું કોઈ અંતર પાર નથી થઈ શકતું.

બધા જાણે છે કે ઈસ્લામ જ કુદરતી દીન તથા કુદરતી કાનૂનનો દરજ્જો ધરાવે છે અને એ પણ સ્પષ્ટ છે કે કુદરતનો અસલ કાનૂન મહોબ્બત છે, અને સજીવ જીવંત મખ્લુકાતની (રચના)માં તેમના મરતબા મુજબ તેના સ્પષ્ટ નમૂના મૌજૂદ છે. ખાસ કરીને ઈન્સાનમાં કેમકે તે ઈલાહી કુદરતનો સૌથી સંપૂર્ણ અને ઉત્તમ નમૂનો છે. જેમકે હક તઆલાનું પવીત્ર ફરમાન છે. "આજ અલ્લાહે ઘડેલો સૃષ્ટિ નિયમ (ફિતરત) છે જે સૃષ્ટિ નિયમ પર તેણે લોકોને સર્જ્યા છે. અલ્લાહના તે સૃષ્ટિ નિયમમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી." (૩૦/૩૦).

આ વાત સઘળાને ખબર છે કે અલ્લાહ તબારક વ તઆલાના બુઝુર્ગ નામોમાંથી બે વધારે પ્રખ્યાત નામ રહેમાન અને રહીમ છે, જે રહેમતથી નીકળેલ છે અને શબ્દ રહેમતમાં

ISW LS Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

ખુદાઈ મહેરબાની તથા મહોબ્બત અને વહાલનો અર્થ સમાયેલો છે અને તેમાં હકીકી મહેરબાની અને વહાલના સઘળાં વસીલાઓ પ્રાપ્ત થઈ જવાનો ઈશારો છે. કેમકે ખુદાવંદે બખ્શન્દા અને મહેરબાનની મહેરબાની અને મહોબ્બત વસીલા વગર શકય નથી, જેમકે ફરમાવેલું છે કે "અને (હે રસૂલ) અમોએ તને બીજી કોઈ બાબતસર નથી મોકલ્યો પરંતુ સઘળી દુનિયાવાળાઓ માટે રહેમત બનાવી મોકલ્યો છે." (૨૧/૧૦૭). હવે એ કોયડો ઉત્પન્ન થાય છે કે જ્યારે ખુદાએ હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ને સઘળા ઉપર સંપૂર્ણ રહેમતની હેસીયતે આ દુનિયામાં મોકલ્યો છે તો આપ નામદાર (સ.અ.સ.) ખુદાની જ રહેમત ગણાઈ શકે કે નહીં ? જો તેનો જવાબ હકારમાં છે તો તેનો એ અર્થ થયો કે પયગમ્બરે આખર ઝમાન (સ.અ.સ.) અર્રહેમાન અને રહીમનો ખુલાસો તથા અર્થ છે. એટલે કે આપ નામદાર (સ.અ.સ.) ખુદાવન્દી રહેમતનું મૂળ છે અને તેવણના નૂરાની ગૂણોમાં ખુદાનું નૂર જલ્વાગર છે. કુરાને પાકમાં ફરમાવેલું છે કે "(હે રસૂલ) કહે કે હું તો આ (રીસાલતના પ્રચાર) માટે તમારી પાસે કાંઈ મહેનતાણુ નથી માંગતો, સિવાય કે મારાં નિકટના સગાવહાલાંઓ (એહલે બૈત)નો પ્રેમ." (૪૨/૨૩). અંતરદ્રષ્ટિ ધરાવનારાઓના માટે આ એક સ્પષ્ટ હકીકત છે કે આ કુરાની આયાતમાં આલે રસૂલ (સ.અ.સ.)ની દોસ્તી અને મહોબ્બત ફરજ ગણાવવામાં આવી છે, અને આલે રસૂલ (અ.સ.) પંજતન પાક તથા પવીત્ર ઈમામો જ છે, જેમની દોસ્તી ખુદાના તરફથી વાજબ છે, કે જેથી આસમાની હીદાયતના મૂળ અને ખુદાઈ રસ્સીની સાથે મોમીનોનો મજબૂત સંબંધ જળવાઈ રહે.

જો ઉપર ઉલ્લેખાયેલી આયાતના વિષે એમ વિચારવામાં

આવે કે આમાં રસૂલ (સ.અ.સ.)ના અસહાબો તથા મુસ્લીમોના જૂથના પોતાના શારીરિક સગાવહાલાઓની દોસ્તીનો હુકમ આપવામાં આવેલો છે, તો તેનું પરિણામ એ નીકળશે કે તેઓને એ છૂટ છે કે ભલે તેઓ કાફર કેમ ન હોય, તેઓ પોતપોતાના શારીરિક સગાં વહાલાઓથી દોસ્તી રાખે. પરંતુ સ્પષ્ટ છે કે આમ કરવા માટે કુરાન જ ના પાડે છે, એટલે કે કાફરોની દોસ્તી નહી કરવી. વળી "ઈલ્લા" શબ્દથી પણ એ હકીકત સ્પષ્ટ થઈ જાય છે કે આનાથી ખુદાના પયગમ્બર (સ.અ.સ.)ના પોતાના ખાનદાનની દોસ્તી એમ અર્થ થાય છે અને ન કે મુસલમાનોના સગાંવહાલાઓની દોસ્તીના વિષેનો ઉલ્લેખ છે.

જો ખુદાઈ ખિલાફતનો દ્રષ્ટાંત લેવામાં આવે તો જ્યાં ખુદાની વિલાયત હક છે ત્યાં રસૂલે ખુદા (સ.અ.સ.) અને રસૂલના નાયબ (અ.સ.)ની વિલાયત અને દોસ્તી વાજબ અને જરૂરી છે, કેમકે ખુદાની ખિલાફત ઉપર આપ હઝરત (સ.અ.સ.) બિરાજમાન છે અને આપ સાહેબનું પ્રતિનિધિત્વ બરહક ઈમામ (અ.સ.)ને પ્રાપ્ત છે.

અલ્લાહ તઆલાના નામોમાંથી એક નામ હાદી છે, અને સ્પષ્ટ છે કે પયગમ્બર (સ.અ.સ.) પણ હાદી છે અને ઈમામ (અ.સ.) પણ હાદી છે. (કુરાનની ૨૨/૫૪, ૩૦/૫૩ અને ૧૩/૭માં જોઈ જુઓ) તો ફરમાવવામાં આવ્યું કે "અને તારો પરવરદિગાર જ હિદાયત અને સહાય માટે પૂરતો છે." (૨૫/૩૧). અર્થાત લોકોની હિદાયત તથા મદદના માટે ખુદા પોતે જ પૂરતો છે અને કોઈ પારકાનો મોહતાજ નથી અને પયગમ્બર તથા ઈમામ પારકા નથી પણ તેના પવીત્ર નૂરના જાહેરી સ્વરૂપ છે, માટે રસૂલ (સ.અ.સ.) અને ઈમામ (અ.સ.)ની

દોસ્તી અને મહોબ્બત એ ખુદાની દોસ્તી અને મહોબ્બત છે જેવી રીતે તેમની હિદાયત ખુદાની હિદાયત છે.

પાક કુરાનની કેટલીય આયાતો થકી સ્પષ્ટ થાય છે કે અલ્લાહ તઆલા ન ફકત લોકો ઉપર સાક્ષી છે બલ્કે તે કાયનાત અને તેમાં મૌજૂદ દરેક વસ્તુ ઉપર પણ સાક્ષી છે. આ હકીકત ખુદા તઆલાના નામ "શાહીદ" સંબંધે છે અને સુરહ બકરહની આયાત (૧૪૩)માં ફરમાવવામાં આવ્યું છે કે "અને એવી રીતે તમો (એટલે કે પવીત્ર ઈમામો)ને ન્યાયી (મંડળ) બનાવ્યું છે કે જેથી તમો લોકો ઉપર સાક્ષી રહો અને રસૂલ (મહમદ) (સ.અ.સ.) તમારા ઉપર સાક્ષી રહે." (૨/૧૪૩). આ ખુદાવંદી આજ્ઞાનું પરિણામ પણ એજ નીકળે છે કે ઉલીલ અમ્ર (અ.સ.)ની સાક્ષી પયગમ્બર સલ્લમની સાક્ષી છે અને રસૂલ (સ.અ.સ.)ની સાક્ષી ખુદાની સાક્ષી છે માટે એ બિલ્કુલ વ્યાજબી અને સત્ય છે કે ઈમામે ઝમાન (અ.સ.)ની દોસ્તી હઝરત પયગમ્બર સલ્લમની દોસ્તી છે અને હઝરત રસૂલ (સ.અ.સ.)ની દોસ્તી ખુદાની દોસ્તી છે.

તમો સુરહ નૂરની આયાત ૩૫, સુરહ અહઝાબની આયાત ૪૬ અને સુરહ હદીદની આયાત ૨૮ને એકત્ર કરીને ધ્યાનપૂર્વક વાંચો જેનાથી તમો એ નિર્ણય ઉપર પહોંચશો કે અલ્લાહ તઆલાનું નૂર રસૂલ મુહમ્મદ (સ.અ.સ.)ના વસીલાથી અને આપ સાહેબ (સ.અ.સ.)નું નૂર ઈમામે ઝમાનના મારફત હીદાયતનો પ્રકાશ આપે છે. એજ કારણ છે કે નૂરનું નામ અલ્લાહ તબારક વ તઆલાના પછી પયગમ્બર (સ.અ.સ.) અને ઈમામના માટે પણ ઉપયોગમાં આવે છે. આનો અર્થ એ થયો કે નૂર અસલમાં એક જ છે માટે એ નૂરની મહોબ્બત પણ

હકીકતમાં એક જ છે. છેવટમાં આ લેખ વિષે મારો પૂર્ણ વિશ્વાસ છે કે ઈન્શાઅલ્લાહો તઆલા આના ધ્યાનપૂર્વકના મનન થકી હકીકી મોમીનોને વિલાયતની ઘણી ખરી હકીકતોથી જાણકારી અને સંતોષ મળશે. અને મારી નમ્ર દુઆ છે કે પરવરદીગારે આલમ પોતાના મહેબૂબ રસૂલ હઝરત મહમદ મુસ્તફા (સ.અ.સ.) તથા પાક ઈમામો (અ.સ.)ની હુરમત થકી આ પુસ્તીકા ઈમાનવાળાઓના માટે ફાયદામંદ બનાવે, આમીન યા રબ્બલ આલમીન.

૨૪- મોહરમ, ૧૩૯૫ - ૬-૨-૧૯૭૫

ગુજરાતી અનુવાદની પુર્ણાહૂતી -

૬ મોહરમ ૧૪૨૨. ૧-૪-૨૦૦૧

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

www.monoreality.org

ISBN 190344028-9

9781903440285